**<u>ફોજદારી કેસ નં. ૪૨૮૧/૦૬</u>**

**<u>આંક– ૧. લગત હુકમ</u>**

(૧) ફરિયાદીને સાંભળ્યા, પુરશીશ તથા કેસનો રેકર્ડ વંચાણે લીધુ. આ કામે લોક અદાલતમાં સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતાં ફરિયાદી/ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરિયાદી/ ભોગ બનનાર હાલની પુરશીશથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરૂધ્ધ ગુનો કમ્પાઉન્ડ (દર ગુજર) કરે છે અને તેઓ સદર કેસ આગળ ચલાવવા માગતા નથી. સદર પુરશીશ તેઓને વાંચી, સંભળાવી સમજાવતાં કોઈ પણ જાતના ધાકધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટ એ નિર્ણય કરવાનો છે કે આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરશીશમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરૂધ્ધનો ગુનો તેઓની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરિટીઓ આવેલ છે.

૧.) વાય.બી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા ૨૦૦૮ ક્રિ.લો.જ.–૯૨૮.

૨.) યસુદારા અને બીજા વિ.સબ– ઈન્સપેકટર ઓફ પોલીસ કલ્લારામેરારી અને બીજા, ક્રિ.લો.જ. ૧૨૯૦.

સદર ઓથોરિટીમાં નામ. કેરાલા હાઈકોર્ટ નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કો.કલમ– ૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે અને તે દ્રિપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કોડ કલમ– ૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલેમના કોષ્ટકની કલમ નં. ૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહી થી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરિયાદી/ ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહી થી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.

(ડી) ક્રિ.પ્રો.કોડ કલમ– ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈને લેતાં કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

(ઈ) ક્રિ.પ્રો.કોડ કલમ– ૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટ ગુનાનું સંજ્ઞાન લે તે પહેલાં ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

આમ, ઉપરોકત ઓથોરિટીમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લીધા સદર સિધ્ધાંત મુજબ સી.આર.પી.સી.ની કલમ ૩૨૦ મુજબનો ગુનો માફ (દર ગુજર) કરવા માટે કરવાની પુરશીશમાં

આરોપીની સહી ફરજિયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી પણ ફરજિયાત નથી. વધુમાં સી.આર.પી.સી.ની કલમ ૩૨૦(૧) ની જોગવાઈ ધ્યાને લેતાં ઉપરોકત ગુનો માંડવાળ પાત્ર છે અને તે ગુનો માંડવાળ કરવાની સત્તા તે ગુનાના ભોગ બનનારને છે, જેઓના ધ્વારા જ હાલની આ પુરશીશ આપવામાં આવેલી હોય તેથી હાલની પુરશીશ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરિયાદને ધ્યાને લેતા જો પુરશીશ ગ્રાહય રાખી ફેસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકશાન થતુ હોય તેમ જણાતુ નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરિયાદી/ ભોગ બનનાર કોઈ પણ પ્રકારના ધાકધમકી કે દબાણ વગર સ્વેચ્છીક રીતે હાલની ફરિયાદ કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ હોય અને સી.આર.પી.સી. ની કલમ ૩૨૦(૧) ની જોગવાઈ ધ્યાને લેતાં ઉપરોકત ગુનો માંડવાળ પાત્ર હોય અને તે જોગવાઈ મુજબ ભોગ બનનાર તે ગુનો માંડવાળ કરી શકે તેવી જોગવાઈ હોય અને તેઓના ધ્વારા જ જયારે હાલની આ અરજી ગુજારવામાં આવેલ હોય ત્યારે માત્ર આરોપી હાજર નથી કે આરોપીની તે માંડવાળ પુરશીશ ઉપર કોઈ સહી નથી તેવા કારણસર ફરિયાદી/ભોગ બનનાર ધ્વારા ગુનો માંડવાળ કરવાની અરજી નામંજુર થઈ શકે નહી અને તે નામંજુર કરવાની અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણા વેડફતા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ પુરશીશ રેકોડેડ કરવાનો હુકમ કરવામાં આવેલ હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ:-**

૧. આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૩૨૦(૧)(૨)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કો.કલમ ૩૭૯, ૪૬૧, ૧૧૪ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ અંગે કોઈની માંગણી ન હોય તેથી તે લગત યોગ્ય ઈન્કવાયરી કર્યા બાદ હુકમ કરવાનો રહેશે. / અગાઉ કરેલ મુદામાલ લગત વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે. આરોપીના અગાઉના જામીન ખત અપીલ સમય વીત્યે રદ ગણવા.

હુકમ આજ તા. ૨૨/૦૭/૧૮ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨/૦૭/૨૦૧૮
અમદાવાદ.

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
CODE NO. GJ01023